| Publication – Suryakal | Page No. 07 |
|---|---|
| Edition – Ahmedabad | Date – 30.11.20 |

# Ashraf Patel of Pravah & ComMutiny Youth Collective wins theSocial Entrepreneur of the Year (SEOY) Award

Suryakal Daily, Monday, Dt.30, November, 2020 7

## પ્રવાહ એન્ડ કમ્યુનિટી યુથ કલેક્ટિવના અશરફ પટેલને સોશિયલ એન્ટરપ્રેન્યોર ઓફ ધ યર (SEOY) એવોર્ડ એનાયત



નવી દિલ્હી, સોમવાર

વર્લ્ડ ઈકોનોમિક ફોરમની ભગીની સંસ્થા શ્વાબ ફાઉન્ડેશન ફોર સોશિયલ એન્ટરપ્રેન્યોરશીપ અને જ્યુબિલન્ટ ભરતિયા ગ્રૂહના જ્યુબિલન્ટ ભરતિયા ફાઉન્ડેશન દ્વારા આજે પ્રવાહ એન્ડ કમ્યુનિટી યુથ કલેક્ટિવ (CYC)ના અશરફ પટેલને સોશિયલ એન્ટરપ્રેન્યોર ઓફ ધ યર એવોર્ડ – ઈન્ડિયા ૨૦૨૦ના વિજેતા જાહેર કરવામાં આવ્યા છે. આ એવોર્ડ ભારત સરકારના આદરણીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રી અને ટેક્સટાઈલ મંત્રી શ્રીમતી સ્મૃતિ ઝુબિન ઈરાનીએ સમગ્ર વિશ્વમાં અલગ અલગ ક્ષેત્રોમાંથી ઉપસ્થિત અગ્રણી હસ્તીઓની હાજરીમાં યોજાયેલા વર્ચ્યુઅલ કાર્યક્રમ દરમિયાન એનાયત કર્યો હતો.

આ વર્ષના SEOY એવોર્ડ ઈન્ડિયા ૨૦૨૦ના વિજેતા અને ફાઈનલિસ્ટમાં સહભાગી થનારા તમામ લોકોને ભારત સરકારના આદરણીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રી અને ટેક્સટાઈલ મંત્રી શ્રીમતી સ્મૃતિ ઝુબિન ઈરાનીએ અભિનંદન પાઠવતા જણાવ્યું હતું કે, "સોશિયલ એન્ટરપ્રેન્યોર્સની ઉજવણી કરવા બદલ હું શ્વાબ ફાઉન્ડેશન અને જ્યુબિલન્ટ ભરતિયા ફાઉન્ડેશનની કામગીરીને આવકારું અને તેમના યોગદાનને બિરદાવું છું. આ પ્રતિષ્ઠિત એવોર્ડ માટે માનવંતા જ્યૂરી સભ્યો દ્વારા સ્વીકૃતિ આપવામાં આવેલા તમામ સોશિયલ એન્ટરપ્રોન્યોર્સને હું અભિનંદન પાઠવું છું.

આ એવોર્ડ આજે આપણા દેશને બતાવે છે કે, અનુકંપા માત્ર સૌથી પ્રેમાળ પરિબળ નથી પરંતુ એટલા જ પ્રમાણમાં નફાકારક કૌશલ્ય પણ છે. જેઓ આ મંચ પર આવ્યા છે તેઓ ડિજિટલ ઈન્ડિયાના ચેમ્પિયન્સ છે."

SEOY એવોર્ડ ઈન્ડિયા ૨૦૨૦ના વિજેતા – અશરફ પટેલ ભારતમાં સહાનુભૂતિશીલ, સંવેદનશીલ યુવા પરિવર્તન-નિર્માતાઓની પેઢીના વિકાસ દ્વારા ક્રાંતિકારી પરિવર્તન લાવી રહ્યાં છે. સાઈકો-સોશિયલ હસ્તક્ષેપો અને તેમને વધુ સમાવેશી ઓળખો અને સમાજોનું નિર્માણ કરવામાં મદદ કરીને આમ કરવામાં આવે છે.

વર્લ્ડ ઈકોનોમિક ફોરમના સ્થાપક, એક્ઝિક્યુટિવ ચેરમેન અને શ્વાબ ફાઉન્ડેશન ફોર સોશિયલ એન્ટરપ્રેન્યોરશીપના સહસ્થાપક પ્રોફેસર ક્લાઉસ શ્વાબે SEOY એવોર્ડ ઈન્ડિયા ૨૦૨૦ના વિજેતાની જાહેરાત કરી હતી અને ઉમેર્યું હતું કે, "વર્લ્ડ ઈકોનોમિક ફોરમ મહામારી સામે લડવામાં મદદરૂપ થવા માટે ખૂબ જ સામેલ છે. અમારી પ્રવૃત્તિઓમાં ભારતને ખૂબ સારી રીતે રજૂ કરવામાં આવે તેના પર ધ્યાન આપું છું કારણ કે ભવિષ્યની રચના કરવામાં ભારત મોટું બળ છે અને ખૂબ જ સ્પષ્ટપણે સંકળાયલ છે."SEOY એવોર્ડ ઈન્ડિયા ૨૦૨૦ના વિજેતા અને ફાઈનલિસ્ટોને અભિનંદન પાઠવતા શ્વાબ ફાઉન્ડેશન ફોર સોશિયલ એન્ટરપ્રેન્યોરશીપના ચેરપર્સન અને સહસ્થાપક હિલ્ડે શ્વાબે જણાવ્યું હતું કે, "સોશિયલ એન્ટરપ્રેન્યોર ઓફ ધ યર ઈન્ડિયા એવોર્ડના આ વર્ષના વિજેતા સૌ આપણો સમુદાય શું છે તેનું ઉદાહરણ આપે છે